સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ**

સચિવાલય, ગાંધીનગર.

**તા.: ૧૭/૦૨/૨૦૧૮**

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૪/૮/૨૦૧૭નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા. ૨૯/૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક : ઘ/અનુદ-૧/૨૦૧૭/૧૪૯૪૩

**પ્રસ્તાવના :-**

રાજ્ય સરકારના કર્મચારીઓને મળેલ સાતમાં પગાર પંચની ભલામણ અન્વયેના લાભો સંદર્ભ (૧) હેઠળના તા ૧૬/૮/૨૦૧૭ના ઠરાવથી રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવની શરત નં. (૨)થી રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની મંજૂર થયેલી ૭૧૫૦૪ જગ્યાઓ અને ત્યાર બાદ રાજ્ય સરકારની મંજુરીથી નિયમિત પગાર ધોરણમાં ઊભી કરવામાં આવેલ જગ્યાઓ પૈકી બાકીની ખાલી ૧૦૫૮૯ જગ્યાઓ રદ કરવાની રહેતી હતી. પરંતુ, આ કરવાથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના માળખાને ગંભીર અસર થાય તેમ હતી અને આ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ માટેની ચાલી રહેલી ભરતી પ્રક્રિયાને વિપરિત અસર થતી હોવાથી સંદર્ભ (૨) હેઠળના પત્રથી નિયામકશ્રી, શાળાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી અને સમાંતરે આ બાબતે આનુષંગિક માહિતી રજૂ કરવામાં આવી હતી. આ રદ કરવામાં આવનારી જગ્યાઓ પુનર્જિવિત કરવાની બાબત સરકારની વિચારણામાં હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણોનો લાભ આપવા માટેના સંદર્ભ (૧) હેઠળના તા. ૧૪/૮/૨૦૧૭ ના સરખા ક્રમાંકના ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વહીવટી વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ"ના ધોરણે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે ભરેલી ૭૧૫૦૪ જગ્યાઓ અને ત્યાર બાદ રાજ્ય સરકારની મંજુરીથી નિયમિત પગાર ધોરણમાં ઊભી કરવામાં આવેલ અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના પગાર ધોરણ સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. બાકીની ખાલી ૧૦૫૮૯ જગ્યાઓ પૈકી જે જગ્યાઓ પરની ભરતી પ્રક્રિયા હાલમાં ચાલુ છે અને ચોથા રાઉન્ડના અંતે ખાલી રહેલી ૩૭૦ માધ્યમિક વિભાગના તથા ૬૩૨ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકો એમ કુલ મળીને કુલ ૧૦૦૨ શિક્ષકોની ખાલી જગ્યાઓ રદ ન કરવા નિર્ણય લેવામાં આવેલ છે. આથી, કુલ ૯૮૫૨ જગ્યાઓ પૈકી ૮૮૫૦ જગ્યાઓ પુન:જીવીત કરવાની તેમજ હવે કુલ ૯૮૫૨ જગ્યાઓમાંથી ૧૦૦૨ જગ્યાઓ રદ કરવાની રહેશે. પ્રસ્તુત શૈક્ષણિક જગ્યાઓ સિવાયની તમામ જગ્યાઓ રદ ગણવાની રહેશે. અનિવાર્ય જણાતી જગ્યાઓ, જરૂર જણાયે નાણા વિભાગના પરામર્શમાં પુન: ઊભી કરી શકાશે. પરંતુ મંજુરીની અપેક્ષાએ ખાલી જગ્યાઓ રદ કરવામાંથી બાકાત રાખી શકાશે નહીં."

સંદર્ભ (૧) હેઠળના તા. ૧૪/૮/૨૦૧૭ ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ઉપર મુજબના સુધારાના અનુસંધાને કુલ ૭૮૫૨ જગ્યાઓમાંથી ૧૦૦૨ જગ્યાઓ રદ થવાના કારણે હવે ૬૮૫૦ જગ્યાઓ કરતા વધુ જગ્યાઓ પર ભરતી ન થાય તે બાબતની તકેદારી નિયામકશ્રી, શાળાઓએ રાખવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૭/૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે. એમ. મિસણ)**
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના. વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, (શાળાઓ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી ની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર, અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.